**રેગ્યુલર દિવાની મુકદમા નં.૬૫/૨૦૨૫**

**// આંક–૧ લગત હુકમ //**

સદર દાવાના કામે વાદી નં.૧ જાતે તથા વાદી નં.૨ ના વાલી દરજજે આંક–૧૯ થી દાવો બિનશરતી પાછો ખેંચવા અંગેની પુરશીસ રજુ રાખી જાહેર કરેલ છે કે, તેઓ વાદીએ પ્રતિવાદીઓ વિરૂદ્ધ મોજે વેગડી ગામની રે.સ.નં.૧૯/૨ પૈકી ४ વાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા તથા હિસ્સો મેળવવા અંગેનો સદરહું દાવો દાખલ કરેલ છે હાલમાં તેઓ વાદી આ કામના પ્રતિવાદીઓ સામેનો સદરહું દાવો ઘરમેળે સમજુતી થઇ જતા આગળ ચલાવવા માંગતા નથી અને તે સ્વેચ્છાએ તેઓ વાદી પાછો ખેંચવા માંગે છે તેઓ વાદી આ દાવો કોઇપણ જાતની શરત રાખ્યા વગર એટલે કે બિનશરતી પાછો ખેચતા હોય તેવી હકીકત જણાવેલ છે. જેથી વાદી તરફે આંક–૧૯ થી રજુ પુરસીસની અંદર જણાવેલ વિગતોને ધ્યાને લઈને તે આધારે સદર દાવો ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

- પક્ષકારોએ પોતાને થયેલ દાવાનો ખર્ચ પોતે પોતાનો ભોગવવો.
- કોર્ટ ફી રીફંડ નિયમ મુજબ વાદીના નામનું કાઢવુ.

હુકમ આજરોજ કાયમી લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૫/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
ધોરાજી.
(જજ કોડ–જીજે૦૧૨૫૮)